1169

કેસ દાખલ તારીખ:૧૭/૭/૨૦૧૭
રજી.થયા તારીખ:૧૭/૭/૨૦૧૭
ફેસલ કર્યા તારીખ: ૮/૧/૨૦૧૮
સમય ગાળો:વર્ષ..... માસ.....દિવસ.....

**અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબર:૧૯. માં.,મુ.અમદાવાદ**

ક્રિ.કે.નંબર:૪૬૦૪૫/૨૦૧૭.
<u>આંક–</u>

**ફરીયાદી:–** **શ્રી સરકાર.**

**<u>વિરૂદ્ધ.</u>**

**આરોપી:–** ગોરધનસિંગ શિવસિંગ
**રહેવાસી:–** ગોપાલનગર, રમેશભાઈ રબારીના મકાનમાં, મેમનગર અમદાવાદ.

---

**ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી મહેતા.**
**આરોપી તરફે વિ.વ.શ્રી એ.બી.ગાયકવાડ**

---

ગુનો–ઈ.પી.કો.કલમ:૨૮૩ મુજબ.

---

<u>જ જ મે ન્ટ</u>

---

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ: ૭/૬/૨૦૧૭ ના કલાક:૧૯–૧૫ વાગે પારસનગર સોલા જાહેર રોડ પર પોતાના કબજાની વડાપાઊની લારી જાહેર રોડ ઊપર રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે મુકી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ

નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આરોપી સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામનાં આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં આરોપીને સમન્સની ધારા ધોરણસર બજવણી થતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે.ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો આરોપીને આપવામાં આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી કરવામા આવેલ છે. ત્યારબાદ આરોપીની ગુના સંબધે પ્લી આંકઃ૦૨ થી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીને ફરીયાદની હકીકત વાંચી સંભળાવી સમજાવવામા આવતા આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદી પો.સા. નરેન્દ્રસિંહ ચંદ્રસિંહની જુબાની | ૩ |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદ | ૪ |

(૪) આ કામે ફરીયાદ પક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. આરોપીનું વિશેષમાં નીવેદન નોધવામાં આવેલ નથી.

(૫) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ

## -૦ મુદ્દા ૦ -

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખઃ ૭/૬/૨૦૧૭ ના કલાકઃ૧૯-૧૫ વાગે પારસનગર સોલા જાહેર રોડ પર પોતાના કબજાની વડાપાઊની લારી જાહેર રોડ ઊપર રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે મુકી ઈ.પી.કો. કલમઃ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઊપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

### -૦ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ૦ઃ-

**મુદ્દા નંબરઃ-૧.**

ફરીયાદ પક્ષ તરફથી આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ૨૮૩ મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે.જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો હોય છે.તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

હાલના કામે ફરીયાદીની હકીકત મુજબ ફરીયાદ પક્ષે આરોપી

સામેનો ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના મુદ્દા પુરવાર કરવા પડે જે નીચે મુજબ છે.

(૧) આરોપીએ તેમના કબજામાંની મિલકતની વ્યવસ્થા ન કરી.

(૨) તે કારણસર આરોપીએ જાહેર માર્ગમાં અન્ય વ્યકિતઓ માટે અંતરાય ઊભો કર્યો.ઈ.પી.કો.કલમઃ૨૮૩ ના સંદર્ભમાં એ હકીકત સમજવાની રહે છે કે, ફરીયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, જાહેર માર્ગ ઉપર જે અંતરાય ઊભો થયો છે તે આરોપીના કારણસર ઊભો થયો છે અને તે માટે ફરીયાદ પક્ષે આ અંતરાય આરોપીના દ્વારા જ ઊભો થયો છે તે હકીકત પુરવાર કરવાની રહે છે.દરેક અંતરાયથી અડચણ ઊભી થાય પરંતુ દરેક અડચણથી અંતરાય ઉભો થતો નથી.

(૭) ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૩ થી ફરીયાદી પો.સા.નરેન્દ્રસિંગ ચંદ્રસિંહનાઓને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, આરોપીએ પોતાની લારી ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે મુકેલ હોવા બાબતની ફરીયાદ આપેલ જે ફરીયાદ બતાવવામાં આવતા ફરીયાદી તેમની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંકઃ૪ થી રજુ થયેલ છે.

ફરીયાદીની બચાવ પક્ષ દ્વારા ઊલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી. તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. બનાવ વાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે.

(૮) ફરીયાદ પક્ષે રજુ થયેલ પ્રસ્તુત પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદ પક્ષે માત્ર ફરીયાદીને તપાસવામાં આવેલા છે તે સિવાય અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. ફરીયાદીએ તેમની ફરીયાદને અનુરૂપ પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે. આ કામે

સદર બનાવ જાહેર જગ્યા પર બનેલ હોવાછતા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલા નથી તેમજ નિવેદનો શા કારણથી લિધેલ નથી તે બાબતે પણ કોઈ જાતનો ખુલાસો રજુ કરેલ નથી. સદર કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં ગુનાવાળી જગ્યાએ લારીની શુ પરિસ્થિતી હતી તેમજ લારી આરોપીએ કેવી સ્થિતીમાં ઊભી રાખી હતી તેમજ સ્થળ ઊપર રોડની પહોળાઈ કેવી હતી તે બાબતેની કોઈ હકીકત રેકર્ડ ઊપર પણ આવેલ નથી. ફરીયાદ પક્ષે માત્ર પોલીસ સાહેદ ફરીયાદીને તપાસવામાં આવેલા છે તે સિવાય અન્ય કોઈ સાહેદને તપાસવામાં આવેલા નથી. ફરીયાદીએ તેમની સરતપાસમાં ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે પરંતુ સ્થળ ઉપર આરોપીએ ઊભી રાખેલ લારીની સ્થિતી, તથા વસ્તી ગીચતા, રોડની પહોળાઈ, આરોપીનું કૃત્ય એવી તમામ હકીકતના આધાર ઉપર આરોપીએ સ્થળ ઊપર અંતરાય ઊભો કર્યો છે તેવી હકીકત પુરવાર કરવા માટે મહત્વની બને છે. પરંતુ ફરીયાદ પક્ષના સમગ્ર પુરાવામાં આ બાબતની સ્પષ્ટતા નથી તેવા સંજોગોમાં ફરીયાદીના પુરાવાથી ફરીયાદની હકીકત પુરવાર થયેલી માની શકાય નહી. ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા જાહેર માર્ગ ઉપર આરોપીના હવાલાની મિલકતની વ્યવસ્થા થઈ ન હોવાથી અન્ય વ્યકિતઓને અડચણ અને અંતરાય ઊભા થાય છે તે હકીકત પુરવાર થતી નથી જેથી મુદ્દા નંબરઃ૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે જ્યારે મુદ્દા નંબરઃ૨ પરત્વે નિચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –ઃ આ ખ રી હુ ક મ ઃ–

(૧) આ કામના આરોપી ગોરધનસિંગ શિવસિંગ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.

કલમ:૨૮૩ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આ કામના આરોપીએ રૂ.૫૦૦૦ નાં જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવો.

સદરહુ હુકમ આજ તારીખ:૦૨/૦૨/૧૮......... નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–અમદાવાદ

**(અર્ચિત નિલમભાઈ વોરા)**
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર:૧૯.અમદાવાદ.
કોડ નંબર:જીજે.૦૦૮૪૯

આર.કે.સોનારા.